


## સલામી સવારની..

*નિષ્ઠા વિનાની લડત ઉપહાસ થઈ જાય છે!*
*‘સમાજસેવા’ - ‘એકતા’, બકવાસ થઈ જાય છે!*
*ચોપાસ છે પડાપડી ‘નેતૃત્ત્વ’ આંચકી લેવાની -*
*આપસમાં લડનારા સૌ ન-‘પાસ’ થઈ જાય છે!*
*(પાટીદાર નેતાઓ સત્તા ના‘પાસ’માં...)*

*અગ્નિમાં રહી -*
*કરાવે ઉબાડિયાં -*
*સ્વભાવગત...*
*(બલૂચિસ્તાનમાં ચાંપી)*

*ખોવાઈ ગયા?!*
*‘રૂપ-રાણી’ સત્તામાં -*
*વિજયભાઈ?!*
*(સૌ-સૌ ની યોજના)*

### ચિંતન

***માનુષાં કાર્યવિપત્તિ કૌશલૈન્ નિવાર્યેત ।***

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

માનવસર્જિત વિપત્તિઓનું નિવારણ કૌશલથી કરવું જોઈએ.

કોઈ કાર્યમાં શત્રુઓ તથા દ્વેષબુદ્ધિ ધરાવતા ઈર્ષાળુઓએ ઊભા કરેલા અંતરાયો અને વિઘ્નોનું નિવારણ ચાતુર્ય અને બુદ્ધિકૌશલથી કરી એમને પરાસ્ત કરવા જોઈએ.

આજકાલ બધા જ ક્ષેત્રોમાં ખટપટ (રાજકારણ) ઈર્ષા-પહોંચી ગયાં છે. એકમેકને પછાડવાની વૃત્તિ અને સત્તા-પદની ખેંચાખેંચ કાર્યો-વિકાસ-પ્રગતિમાં અવરોધ ઊભા કરે છે, પાટીદાર આંદોલન, દલિત અન્યાય, ભ્રષ્ટાચાર ખૂલ્લા પાડી એકમેકને જાહેરમાં બદનામ કરવાથી - પ્રગતિ-વિકાસમાં રૂકાવટ આવે છે.

આવી અડચણ - મુશ્કેલીઓ - સમસ્યાઓમાંથી બુદ્ધિપૂર્વક માર્ગ કાઢવાની શક્તિ અને આવડત હોવાં જોઈએ.

### સુવિચાર

- આશા એવી હોય જે મંઝીલ સુધી લઈ જાય, મંઝીલ એવી હોય જે જીવતા શિખવાડે, જીવન એવું હોય જે સંબંધોની કદર કરે, સંબંધ એવો હોય જે યાદ કરવા માટે મજબૂર કરે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેમને કાલની ફિકર નથી એ લોકો મુઠ્ઠીમાં ‘આજ’ રાખે છે - **વજુ કોટક**
- અનુભવે એક વાત શિખ્યો... એક નવો ઘાવ જ જૂના ઘાવનો અમલ બને છે - **જય વસાવડા**
- જીવનમાં સારો સમય ખરાબ આદતો આપી જાય છે અને ખરાબ સમય સારી આવડતો આપી જાય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- ઘરેણા, કે ભેટ સોગાદો સ્ત્રીને ગમતા હોય છે, પરંતુ લાગણીઓ, પ્રેમ કે હૂંફના વિકલ્પ તરીકે નહીં - **ડો. હંસલ ભચેચ**
- આજનું ઔષધ : તુલસી સુંઠ કાળી મરી અને ગોળનો ઉકાળો દિવસમાં ત્રણ-ચાર વાર પીવાથી શરદી મટે છે. **(દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ કુટુંબીજનો-મિત્રોમાં ‘ઉધાર’નો વ્યવહાર થાય છે પણ લેણદારનો ઉતાવળ અને ધીરજના અભાવે સંબંધોમાં ખટાશ પડી જાય ક્યારેક તો ઉઘરાણીમાં ખૂન-ખરાબા થઈ જાય છે. આવી બાબતો સંસ્કાર પર આધારિત છે.

ઈશ્વરચંદ વિદ્યાસાગરે એક મિત્રને મોટી રકમ ઉધાર આપી - મુદત વિત્યા પછી પણ મિત્ર પૈસા પરત આપતો ન હતો. ઉલ્ટું હવે થયું એવું કે એ મિત્ર સામે આવતો દેખાય ત્યારે વિદ્યાસાગરનો રસ્તો બદલી નાખતા કે તે મિત્ર જોયો - ન જોયો કરતા.

ઉધાર લીધેલા મિત્રને આશ્ચર્ય થયું કે વિદ્યાસાગર પૈસા તો માગતા નથી અને સામે મળે તો જાણે ઓળખતા નથી એમ રસ્તો પણ બદલી નાખે છે. એકવાર તે રાત્રે તેમને ઘેર ગયો અને કારણ પૂછ્યું.

વિદ્યાસાગર કહે - મિત્ર મને તારા પર વિશ્વાસ જ છે પરંતુ તારી સ્થિતિ સારી નહીં હોય તેથી પૈસા નથી આપી શકતો. તને મને મળીને સંકોચ ન થાય એટલે જ હું સામે આવતો ન હતો!

# લવારાથી પોત પરખાય છે

જાણીતી દૃષ્ટાંતકથામાં અંધ ફકીરે ફક્ત પસાર થયેલ ત્રણ વ્યક્તિઓને ઓળખી પાડી હતી : સૌથી તોછડું વર્તન કરીને ગયો તે સિપાઈ હતો, થોડો વિવેક પણ વધુ પદનું અભિમાન દર્શાવતી વાણી વજીરની હતી અને વિનમ્રતા એ રાજાની ખાનદાનીની ઓળખ હતી. આપણા ‘કાળા અંગ્રેજો’ અવારનવાર એમની લૂલીના લવારા થકી પોત પરખાવતા રહે છે. ઉત્તરપ્રદેશ દેશનું સૌથી મોટું રાજય, વળી એ દેશની ગંગા-જમની તહજીબનું સર્વોત્તર ઉદાહરણ પણ ખરું. પરંતુ મુલાયમના જમણા હાથ ગણાતા આઝમખાન છાશવારે છાપે ચડે એવાં નિવેદન કરતા ફરે છે. બુલંદશહરમાં મા-દીકરી પર થયેલ ગેંગરેપને રાજકીય કાવતરું ગણાવનાર કેબિનેટ મંત્રીને સુપ્રીમ કોર્ટે યોગ્ય રીતે જ લબડધક્કે લીધા છે. ઉત્તરપ્રદેશ સરકારને નોટિસ પાઠવીને સુપ્રીમકોર્ટે ત્રણ સપ્તાહમાં ત્રણ સવાલોના સંતોષકારક ખુલ્લા કરવાનું જણાવ્યું છે. વહીવટીતંત્ર કે સરકારમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલી વ્યક્તિ એમ કહી શકે કે ગેંગરેપ જેવી ઘટના પાછળ રાજકીય ષડયંત્ર હશે? વળી, સરકાર એવા નિવેદનની મંજૂરી આપી શકે જેથી ભોગ બનેલી સ્ત્રીઓને નિષ્પક્ષ તપાસ પરથી વિશ્વાસ જ ઊઠી જાય? શું અભિવ્યક્તિની સ્વતંત્રતામાં આવાં નિવેદનો પણ સામેલ થઈ શકે? અદલ આવા જ લવારા ગૌમાંસ ભક્ષણ જેવા સંવેદનશીલ મુદ્દા પર દિલ્હીથી ચૂંટાયેલા ભાજપના દલિત સાંસદ ઉદિતરાજે કર્યા છે. ભારતના એથલીટ ઑલિમ્પિકમાં સારો દેખાવ નથી કરી શકતા એની પાછળ જાણે શાકાહાર જ જવાબદાર ન હોય! ઉદિત રાજે જમૈકાના એથલીટ હુસૈન બોલ્ટ દ્વારા નવ ગોલ્ડ મેડલ જીતવા માટેના સબળ કારણ તરીકે બીફ-ભક્ષણને જવાબદાર ગણાવ્યું છે. સાંસદ ભારતીય જનતાની ટિકિટ પર ચૂંટાયા છે અને મંત્રીમંડળમાં સામેલ થવાની મનની મનમાં રહી ગઈ છે તેથી હવે પાર્ટીના જ સાંસ્કૃતિક બેઝ પર ઘા કરી રહ્યા છે! કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી મહેશ શર્માએ વિદેશી સહેલાણીઓને આપેલી સલાહમાં મનોવૈજ્ઞાનિક સત્ય જરુર હોઈ શકે છે, પરંતુ એકવીસમી સદીની મહિલાને શું પહેરવું - શું ન પહેરવું એની સલાહ આપવામાં ઔચિત્ય કેટલું ? આવા પ્રશ્નો મહિલાના અધિકારો પર તરાપ સમાન ગણાવાતા રહ્યા છે. પરંતુ આપણા નેતાઓ ‘સલાહ’ આપવાનું વ્યસન છોડી શકતા નથી. એનું મીડિયા કેવું અર્થઘટન કરશે અને આંતરાષ્ટ્રીય સ્તરે એથી ભારતીય નેતાઓની જુનવાણી માનસિકતાનું પ્રદર્શન થશે - એવો ખ્યાલ પણ એમને નથી રહેતો. આપણા શાસ્ત્રમાં લખ્યું છે : મહાજના: યેન ગતા: સ પન્થા : । જે રસ્તે મોટા માણસો ચાલે તે જ રાજમાર્ગ. ઉચ્ચ પદ પર બેઠેલી વ્યક્તિઓએ પદની ગરિમા સચવાય તેવું બોલવું જોઈએ.

**તંત્રીસ્થાનેથી...**

આપણા નેતાઓ જે મનમાં આવે તે બકી નાખે છે. મીડિયા તો એને કૂતરું હાડકું ચગળે એમ ચગળ્યા જ કરશે. પરિણામે એક પ્રજા તરીકે આપણી છાપ અને ગરિમાને ઘસારો લાગે છે. સુપ્રીમ કોર્ટને પણ આવી બાબતની ગંભીર નોંધ લેવી પડી છે, તે જ શું સૂચક નથી?

# સલમાની કરૂણ કહાની... અંતે ગુનેગાર ઝડપાયો




મેં રાત્રે લગભગ દસ સાડા દસ વાગ્યે બજારમાં ફરીને પાછા આળતાં જોયું તો એક વીસબાવીસ વરસની છોકરી રૂપાળી અને દેખાવડી, ભરાવદાર શરીરવાળી પંજાબી ડ્રેસમાં સર્કલના ખૂણે ઊભી હતી. ગળામાં દુપટ્ટો વિંટાયેલ હતો. હાથમાં, નાનકડી કપડાંની થેલી જેમાં તેનાં કપડાં હોય એવું લાગતું હતું. તે સિવાય તેની પાસે કંઈ ન હતું. મેં સ્કૂટર ઊભું રાખ્યું અને પૂછ્યું, ‘અહીં આટલી મોડી રાતે એકલી કેમ ઊભી છે?’ તેણે મને ઉપરથી નીચે સુધી જોઈને હ્યું, ‘ભઈયા ગામડેથી આવું છું. બસ જરા વધુ લેઈટ થઈ ગઈ, રીક્ષાની રાહ જોઉં છું.’

મેં કહ્યું, ‘રાતે અહીં કોઈ રીક્ષાવાળો નહીં આવે, આ બાજુ ખાસ પેસેન્જરો મળતાં નથી.’ જરા અટકીને પુછ્યું ‘તારે કયાં જવું છે?’

‘મારે સેકટર-૨૯માં જવું છે. તેના શોપિંગના સામેની ગલીમાં મારા ગામના મામા રહે છે. મેં કહ્યું, ‘તેણે કહ્યું, જો હું પણ ત્યાંથી થોડે આગળ જવાનો છું. ત્યાં જ રહું છું. તારે આવવું હોય તો હું શોપિંગ પાસે ઉતારી દઈશ.’

તે તરત તૈયાર થઈ ગઈ. તેણે કહ્યું, ‘બસ સામેની ગલીમાં બે-ત્રણ મકાન છોડીને મારા મામા રહે છે. તમારી બહુ મહેરબાની.’

તેણે નક્કી મકાને જઈ ડૉરબોલ વગાડી. ‘મામુ... મામુ... બુમ પાડી. પરંતુ મામુ કદાચ ગાઢ ઊંઘમાં સુતેલ હતા. જેથી તેનો પાતળો અવાજ તેમના સુધી પહોંચતો ન હતો. સામે જ શિવશંકર પુરોહિત રહેતા હતા. તે જાગી ગયા. તે અડઘા ઊંઘમાં હતા. તેમણે ખ્વાજા-ખ્વાજા... બુમ પાડી. ત્યારે ખ્વાજા અડધી ઊંઘમાં આંખો ચોળીને બોલ્યા.’ શું છે પુરોહિત, કંઈ કામ છે?

‘અરે કામ તો કંઈ નથી. જો નીચે તારા બારણે કોઈ છોકરી કયારની ડોરબેલ વગાડે છે. અને તને બોલાવે છે. પણ તું તો ઘોંટી ગયો છે. જો કોઈ આવ્યું છે.’

સલમાએ પૂછ્યું, ‘મામી અને છોકરાં દેખાતાં નથી.’ તેણે કહ્યું એ લોકો ઈદ પર સુલ્તાનપુર ગયાં છે. હજુ આવ્યાં નથી. કાલે એક દિવસની રજા લઈ મારે જવું પડશે. પછી જરા અટકીને કહ્યું, ‘લે એમ કર તું રૂમમાં સુઈ જા, હું અહીં ગેલેરીમાં સુઈ જાઉં છું.’

‘અચ્છા’ કહી સલમા ઓરડામાં ચાલી ગઈ.

ખ્વાજાએ બાલ્કનીમાં પથારી કરી અને સુઈ ગયો. પણ તેને ઊંઘ આવતી ન હતી. ઘણીવાર સુધી પડખાં ફર્યા. પછી પાણી પીધું અને કોણ જાણે શું સૂઝ્યું કે તેણે સલમાને જગાડી અને રૂમની સાંકળ ખોલાવી - ઓરડામાં આવીને તે સલમા સાથે છેડછાડ કરવા લાગ્યો.

સલમાએ છૂટવાની ઘણી કોશિશ કરી, ‘મામુ, મામુ મને છોડી દો, ચીસ નાંખી, રડી પણ ત્યાં સાંભળનાર કોઈ નહોતું.’ સલમા પલંગમાં બે ગોઠણ વચ્ચે માથું છુપાવી રડતી હતી.

ખ્વાજાને થોડીવારે ભાન થયું. તેણે વિચાર્યું કે સલમા ગામડે જઈ બધાંને કહેશે. ત્યારે હું બદનામ થઈ જઈશ. આમ વિચારી તે ફરી ઓરડામાં ગયો. અને રડતી સલમાનું ગળું દબાવી. તેને મારી નાંખી. તેમ જ ખભે નાંખી શોપિંગની સામે નાંખી દીધી.

સવાર થઈ. દૂધ લેવા ચાલી નીકળ્યો. ત્યાં જઈ જોતાં લોકોનું ટોળું વળ્યું હતું. ભીડની વચ્ચે ઘુસીને જોતાં ત્યાં એક છોકરીની લાશ પડી હતી. મેં જરા ધ્યાનથી જોયું તો મોંમાંથી નીકળી ગયું, ‘અરે આ તો એ જ છોકરી છે.’ મારા આ શબ્દો બાજુમાં ઉભેલા પોલીસ ઈન્સ્પેકટરના કાને પડયા. તેણે પુછ્યું, ‘તમે આને ઓળખો છો? હું ગભરાયો.’ મેં હિમ્મત એકઠી કરી કહ્યું, ‘હા, હું ઓળખું છું.’ પછી હું ચૂપ થઈ ગયો.

‘કઈ રીતે?’

‘કાલ રાતે દસ સાડા દસ વાગ્યે તે સર્કલ પર રીક્ષાની રાહ જોતી એકલી ઊભી હતી. ત્યારે મેં મારા સ્કૂટર પર બેસાડી તેને અહીં શોપિંગના ખૂણે ઉતારેલો.’

‘તો તમને ખબર હશે કે એ કયાંની છે અને તેનું નામ શું છે ?’

‘ના સર, મેં તેને એવું કંઈ પૂછ્યું નહોતું. હું તો તેને અહીં ઉતારી મારે ઘેર જતો રહ્યો. અને તે સામેની ગલીમાં તેના મામુના ઘેર જતી રહેલી. તેના હાથમાં કપડાંની એક થેલી પણ હતી.’

ઈન્સ્પેકટર માટે આ માહિતી બાદ તપાસ સહેલી થઈ ગઈ. તેણે મારું નામ, સરનામું, મોબાઈલ નંબર લખી લઈ મને કહ્યું, ‘તમને જયારે બોલાવીએ ત્યારે આવવું પડશે.’ વધારે ટોળું ભેગું થઈ જતાં લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલે મોકલી આપી.

‘સારું’ કહી હું દૂધ લેવા ગયો. ઘેર આવી મેં પત્નીને આખી વાત કરી. તેણે પણ કહ્યું, નક્કામાં લફરામાં પડ્યા. ના પાડવાની હતી. હવે હવે પોલીસ અને કોર્ટના આંટા ફેરા થશે.

ઈન્સ્પેકટરને તપાસ કરતાં જાણવા મળ્યું કે એક છોકરી લગભગ દસ અગિયાર વાગ્યે

અનુસંધાન પાના નં. ૭ પર

# સબ સે બડા રોગ, ક્યા કહેંગે લોગ?




હોલિવૂડની ફિલ્મોથી માર્શલ આર્ટ્સને દુનિયાભરમાં લોકપ્રિય બનાવનાર હોંગકોંગ મૂળના અમેરિકન કલાકાર, ચિંતક, ફિલ્મમેકર બ્રુસ લી (૧૯૪૦-૧૯૭૩)નું એક જાણીતું વિધાન છે: ‘‘મને એવા માણસથી ડર લાગતો નથી કે જેને દસ હજાર પ્રકારની કિક-મેથર્ડ આવડે છે, મને એવા માણસથી અવશ્ય બીક લાગે કે જેણે એક જ ટાઈપની કિકની પ્રેકટિસ દસ હજાર વખત કરી હોય.’’ બ્રુસ લીએ એક જ વિષયમાં પારંગત, નિષ્ણાત થવાની વાત કરી છે. ભલે દરેક બાબતનું થોડું થોડું જ્ઞાન યા જાણકારી હોય, પરંતુ કોઈ એક વિષય ઉપર તો તમારું પ્રભુત્વ હોવું જ જોઈએ. એક જ બાબતની હજારો વાર પ્રેકટિસ કરી હોય પછી એ ક્રિયા પ્રાણ અને પ્રકૃતિ સાથે તાલમેલ બનાવી લે છે.

સંબંધ આમ તો ગરજના બે પાટા ઉપર ચાલતી એક નાજુક છતા સિરિયસ રેલગાડી છે. મોટા ભાગે દરેક સંબંધમાં ‘‘ગિવ એન્ડ ટેક’’ ફોર્મ્યુલા સંતાયેલી હોય છે. જો કે દરેક સંબંધ જરુરીયાતના મોહતાજ હોતા નથી. કોઈ સંબંધને નામ આપી શકાય છે તો કોઈ સંબંધ આપણી જિંદગીમાં એવા પણ હોય છે કે જેને કોઈ નામમાં કેદ કરી શકાતા નથી. એવા સંબંધ પણ હોય કે જેમાં કોઈ આપ-લે જ ના થઈ હોય. દરેક વ્યક્તિના મોબાઈલ હેન્ડસેટમાં એકાદ નંબર તો એવો સેવ કરેલો હશે જ કે જેને તમે ‘‘ડાયલ’’ પણ કરતા નથી અને ‘‘ડિલિટ’’ પણ કરતા નથી. સંબંધનો દોર કદાચ તૂટી ગયો હોય તો પણ ‘‘મૌન અહેસાસ’’ સંબંધની ધૂપસળી પ્રજ્વલિત રાખે છે. કોઈ વ્યક્તિનું સાનિધ્ય આપણને પરિતોષ આપે છે. કોઈ વ્યક્તિનો બોલાયેલો સ્વર આપણને પ્રાણવાયુ આપી જાય છે. કોઈ વ્યક્તિના બે શબ્દો ‘‘હું છું ને...!’’ આપણી જિંદગી આસાન બનાવી દે છે.

કવિ જગદીશ જોશીની એક જાણીતી ગીતરચનાની ધ્રુવ-પંક્તિ છે: ‘‘ધારો કે એક સાંજ આપણે મળ્યા ને આપણે હળ્યા, પણ આખા આ આયખાનું શું?’’ ક્યારેક કોઈ વ્યક્તિ સાથે માત્ર બે ડગલાં જ ચાલવાનું બન્યું હોય. પરંતુ એ બે ડગલાં આપણને એવરેસ્ટ-વિનર જેવી ફિલિંગ્સ્ કરાવે તો એ બે ડગલાંનો રોમાંસ અને રોમાંચ આખી જિંદગીને બાગ-બાગ કરી આપે છે. એ પછી આયખાભરની ચિંતા રહેતી નથી.

બ્રુસ લીની વાત સ્પેશિયલાઈઝેશનની છે. જિંદગીમાં ઘણા બધા લોકોને મળવાનું બને છે. પરંતુ એમાં કોઈક જ વ્યક્તિ જીવનભર માટે હર્યોભર્યો ગુલદસ્તો બનીને આપણી ભીતર જગ્યા બનાવી લે છે. દિલથી મળવાની અને ઉષ્માથી ભેટવાની વાત ગઝલકાર ‘મરીઝ’ નિરાળા અંદાજમાં કહે છે કે ‘‘બે જણા દિલથી મળે તો એક મજલિસ છે મરીઝ, દિલ વિના લાખો મળે, એને સભા કહેતા નથી.’’ આપણા સમાજમાં આ સવાલ સૌને પજવતો હોય છે: ‘‘સબ સે બડા રોગ, ક્યા કહેંગે લોગ?’’ ઘણા બધા સંજોગોમાં આ ફિલિંગ આપણે કરી જ હોય છે. રોમાંસની વાત એ બને છે કે જ્યારે તમે કોઈ એક સંબંધને નામનું લેબલ આપી શકતા નથી. લેબલ વિનાના સંબંધને ચર્ચાનો વિષય પણ બનાવવામાં આવે. હિન્દી સિનેમાનું ગીત યાદ આવે: ‘‘કુછ તો લોગ કહેંગે, લોગોં કા કામ હૈ કેહના, છોડો, બેકાર કી બાતો મેં બીત ના જાયેં રૈના...’’

એક નાનકડી અને મજાની પ્રેરક કથા છે. એક સાધુ ગામ-પરગામ ફરતા ફરતા એક ગામના પાદરમાં આવી પહોંચ્યો. નદી કાંઠે એક પથ્થર ઉપર માથું ટેકવીને આરામ કરી રહ્યો હતો. અહીંથી પસાર થતી એક વ્યક્તિએ કહ્યું કે ‘‘આ તો કેવો સાધુ છે, સંસારનો ત્યાગ તો કર્યો પણ ઓશિકાનો મોહ ગયો નથી એટલે પથ્થરનું ઓશિકુ બનાવ્યું છે.’’

આ સાંભળીને સાધુ પથ્થર ફગાવીને બે હાથના ટેકે આરામ કરવા લાગ્યો. થોડી વારમાં અન્ય એક વ્યક્તિએ પસાર થતી વેળા કહ્યું કે ‘‘જુઓ તો ખરા, મફતના રોટલા ખાઈને સાધુ આરામ ફરમાવે છે.’’ આવી ટીકા સાંભળીને સૂતેલો સાધુ બેઠો થઈ ગયો. થોડી વાર પછી બીજી કોઈ વ્યક્તિ પસાર થઈ, તે બોલી: ‘‘કેવો ગંદો-ગોબરો સાધુ છે. કપડાં પણ ગંદા છે.’’

સાધુએ સ્નાન કર્યું હોવા છતા ફરીથી નદીમાં ડૂબકી લગાવી અને ભગવા ઉપવસ્ત્ર અને ભગવી ધોતીને સારી રીતે ધોઈને કિનારે સૂકવવા મૂકી. હવે માત્ર લંગોટી પહેરીને બેઠેલા સાધુને જોઈને ત્યાંથી પસાર થતી બે સ્ત્રી અરસપરસ વાત કરતી ગઈ કે ‘‘સાધુ થવા છતા આ વ્યક્તિને સાન-ભાન નથી કે આમ પૂરતા કપડાં પહેર્યા વિના જાહેરમાં બેસાય?’’ આવી ટીકા સાંભળીને શરમાઈ ગયેલા સાધુએ પેલા ભીના વસ્ત્રો જ પાછા પહેરી લીધા. ગામને પાદર સાધુથી દૂર બેઠેલા ગામના એક વૃદ્ધ આ બધો તાલ જોઈ રહ્યા હતા. તેમણે નજીક આવીને સાધુને કહ્યું કે ‘‘અહીંથી પસાર થતી દરેક વ્યક્તિ તમને કહેશે એમ તમે જો કરશો તો આ દુનિયા તમને પાગલ બનાવી દેશે. તમને સારું લાગે અથવા યોગ્ય લાગે, એ જ તમે કરો. શા માટે તમે કોઈની વાતમાં આવી જાઓ છો.? આ દુનિયા જ એવી છે કે જો તમે ઊંચું જોઈને ચાલશો તો દુનિયા તમને અભિમાની કહેશે. તમે નીચું જોઈને ચાલશો તો અક્કલ વિનાની કહેશે. આજુબાજુ જોઈને ચાલશો તો તમે નાહક ફાંફા મારી રહ્યા છો, એમ પણ કહેશે.’’

સાધુ તો ચલતા ભલા. સાધુએ ગામના વૃદ્ધને નમન કર્યા અને આગળ ચાલતા થયા. જો કે ગામના વૃદ્ધની વાતમાં દમ છે. કોઈ શું કહેશે? એમ વિચારી વિચારીને જિંદગી જીવી શકાય નહીં. તમારી જિંદગી છે, તમે તમારી મરજીના માલિક છો. તમને જેમ ગમતું હોય એમ જીવો. લીવ લાઈફ કિંગસાઈઝ. ‘‘લોકો આપણા માટે શું વિચારશે?’’ અને ‘‘લોકો આપણા માટે કેવું કેવું વિચારશે?’’ એવા ખોટા ખ્યાલોમાં ઘણી બધી પ્રેમકથાઓ કેદ થઈને રહી જતી હોય છે યા તો અધુરી જ રહી જતી હોય છે. દરેક વ્યક્તિના જીવનમાં પહેલી ઘટનાનું મહત્વ અકબંધ સચવાયેલું હોય છે. સ્કૂલ-કોલેજનો પહેલો દિવસ, પહેલું વાહન, પહેલો દોસ્ત, પહેલો પ્રેમ વગેરે. જો કે પ્રેમમાં પહેલો અને બીજો એવું ગણિત ક્યારેય ન હોઈ શકે. પ્રેમ એ આખરે પ્રેમ જ છે. એની અનુભૂતિ અનન્ય છે. પ્રણયની પરાકાષ્ઠા એટલે મૌન. શબ્દો ઓગળી જાય ત્યારે મૌનને વાચા ફૂટે, જેમ ફૂલ-છોડની શાખાને કળી ફૂટે અને ફૂલ ખિલે.

**જસ્ટ ટ્વીટ :**

**‘‘આંખોથી લઈશું કામ, હવે બોલવું નથી,**
**રૂપાળું એક નામ, હવે બોલવું નથી.’’**

**- ‘સૈફ’ પાલનપુરી**

# શિક્ષકનું પ્રગતિપત્રક...!! શિક્ષક એટલે મા, મિત્ર, માર્ગદર્શક, માસ્તર અને ઘણુંબધું...!!



‘લવ યુ ઓલ...’

એવું કલાસમાં આવ્યાં બાદ એમની બોલવાની ટેવ હતી. અને આજે પણ તેઓ એવું બોલ્યાય ખરાં.

પણ પછી એમને જ એવું લાગ્યું કે સાચે તો દિલથી તેઓ આવું બોલતાં નથી

અને એનું કારણ હતું છેલ્લી બેચ પર બેઠેલો વિદ્યાર્થી. એ છોકરો એકદમ અવ્યવસ્થિત, જોવો ન ગમે તેવો હતો. પાર્વતીબેનને એના માટે કોઈ પ્રેમ કે આત્મિયતા નહોતી. અને એવું કરવાની ઈચ્છા થાય એવું પણ એનામાં કશું જ નહોતું. એ છોકરા સાથે તેઓ જરા ભેદભાવ જ રાખતા હતા. કોઈ પણ નકારાત્કમક વાતનું ઉદાહરણ આપવાનું થાય ત્યારે એનું જ આપતાં અને સકારાત્મક બાબતમાં એના પ્રત્યે દુર્લક્ષ રાખતાં. પ્રથમ પરીક્ષાનું પરિણામ આવ્યું. પ્રગતિપત્રક લખવા માટે બહેન બેઠાં અને એમણે એની ‘પ્રગતિ’ લખી. લગભગ દરેક સ્કૂલમાં એવી પ્રણાણી છે કે પ્રગતિપત્રક પર છેલ્લે આચાર્ય સહી કરે. (હવે સિક્કા મારેલા આવે છે એ વાત અલગ છે.) એ પ્રમાણે એ પ્રગતિપત્રક સહી માટે ગયું.

આચાર્યએ પાવર્તીબેનને બોલાવ્યા. ‘બહેન, પ્રગતિપત્રકમાં પ્રગતિ લખવાની હોય છે, વાલીએ ખબર પડે કે એમના બાળકની શું પ્રગતિ છે અને શું ભવિષ્ય છે. આ દર્શન માટે તમે કશું જ લખ્યું નથી. આમ કેવી રીતે ચાલશે ?’ વાલી શું કહેશે? એને મારશે પણ ખરાં.’

પાર્વતીબેન બોલ્યા, ‘હું શું કરું કહો? એનામાં પોઝીટીવ કાંઈ જ નથી. એની કોઈ પ્રગતિ જ નથી તો પછી શું લખું.’

‘સારું, તમે કલાકમાં જાવ.’ આચાર્યએ એમને મોકલી દીધાં અને પટાવાળા માટે ઘંટડી વગાડી.

‘પટેલ સાહેબને મોકલો.’ એમણે રેકોર્ડ રાખતાં શિક્ષકને બોલાવ્યા અને દર્શનના જૂના પ્રગતિપત્રક લઈ આવવાં કહ્યું. અને એ પાર્વતી બેનને આપવાની સૂચના આપી.

પાર્વતીબેને દર્શનના જૂના પ્રગતિપત્રક વાંચવા શરુ કર્યા. ત્રીજા ધોરણમાં લખ્યું હતું, ‘દર્શન વર્ગનો સૌથી હોંશિયાર વિદ્યાર્થી છે.’ એમને આશ્ચર્ય થયું. ચોથા ધોરણનું પ્રગતિપત્રક જોતાં અને દરેક પરીક્ષાનું પરિણામ જોતાં એટલી ખબર પડી કે ધીમે ધીમે એનો પ્રગતિનો ગ્રાફ નીચો ઉતરતો હતો.

એની માતાને કેન્સર થયું હતું. અને એ છેલ્લા સ્ટેજમાં હતું. એની મમ્મી હવે એની પહેલા જેવી સારસંભાળ લઈ શકતી નહોતી. અને એ એના પ્રગતિપત્રક પરથી ખબર પડતી હતી. છઠ્ઠા ધોરણમાં નોંધ હતી. ‘દર્શને એની માતા ગુમાવ્યા બાદ પોતે પણ ખોવાયેલો રહેવા લાગ્યો છે. હવે આપણે એનું ધ્યાન રાખવું પડશે અન્યથા દર્શનનું ભવિષ્ય રોળાઈ જશે.’

> ***મુસીબતો ભલે મને તું બેહિસાબ દે,***
> ***પરંતુ એક સાથે ના બધી જનાબ દે.***
> ***ખરાબમાં ખરાબ જિંદગી તું દે ભલે,***
> ***બીજા વિશે વિચાર ના કદી ખરાબ દે!***
> ***- જયંત ડાંગોદરા (સંગીત)***

પાર્વતીબેનને ખબર પડી ગઈ કે એમને શું કરવાનું છે.

સોમવારે એ વર્ગમાં આવ્યાં અને વર્ગમાં નજર ફેરવીને બોલ્યા, ‘લવ યુ ઓલ’. ફરી એમને ખબર પડી કે તેઓ સાચું બોલતાં નહોતા. કારણ વર્ગમાં બધાં વિદ્યાર્થીઓ માટે થનારા પ્રેમ કરતાં તેમને અનેક ગણો પ્રેમ હવે દર્શન માટે હતો. એમણે મનોમન કંઈક નક્કી કર્યું હતું. હવે દર્શનને બોલાવતી વખતે એને સ્વર પ્રેમાળ થયો હતો. એ દર્શન સાથે ખુબ પોઝીટીવલી વાત કરતાં હતા. દિવસ, વર્ષ જતાં કયાં વાર લાગે છે? શાળા પૂર્ણ કરી હાઈસ્કૂલમાં જવાના દિવસો આવ્યા. બધાં વિદ્યાર્થીઓ શિક્ષક માટે સુંદર ગિફ્ટ લાવ્યાં હતા. ... પણ એક ગિફ્ટ જૂના અખબારમાં લપેટાયેલી આવી હતી. પાર્વતીબેનને ખબર પડી ગઈ કે આ જરુર દર્શનની ગિફ્ટ હશે. એમણે વર્ગમાં જ એ ગિફ્ટ ખોલતાં એમાંથી અડધી વપરાયેલી પરફ્યુમની બોટલ અને બે લીલા રંગની મોતી ભરેલી બંગડી નીકળી. એક બંગડીમાંથી તો ત્રણ-ચાર મોતી પહેલેથી જ ખરી પડેલાં હતા. આખો વર્ગ આ ગિફ્ટ જોઈને ખડખડાટ હસી પડ્યો. બધાંને ખબર પડી કે આ દર્શનની ગિફ્ટ છે. શિક્ષકે કશું જ બોલતાં એ પરફ્યુમ પોતાની સાડી પર છાંટ્યો અને એના હાથમાં રહેલી આજ બંગડીઓ હતી...!




શાળા છોડીને ગયા બાદ દર્શન શિક્ષક દિને પાર્વતીબેનને પત્ર લખતો. એણે પ્રથમ પત્રમાં જ લખ્યું હતું, ‘મને જેટલા શિક્ષક-શિક્ષિકા મળ્યાં, એમાં તમે સૌથી શ્રેષ્ઠ છો.’ પછી તો એના પત્રો નિયમિત આવતાં, બેન પણ કયારેક એને જવાબ લખતા. અમુક વર્ષો બાદ એના પત્રો બંધ થયાં. સંપર્ક તૂટી ગયો. બહેન નિવૃત્ત થઈને શહેર છોડી બીજે રહેવાં જતાં રહ્યાં હતા.

આ સમયગાળામાં દર્શને ખૂબ પ્રગતિ કરી હતી. એણે સાયન્સમાં માસ્ટર્સ કરી ડૉકટરેટ મેળવ્યું હતું. એ બેંગ્લોરમાં સાયન્ટીસ્ટ તરીકે નોકરી કરતો હતો. એક દિવસ અચાનક પાર્વતીબેનને એક કુરિઅર મળ્યું. મોકલનારનાં સરનામામાં ડૉકટર દર્શન લખેલું હતું. દર વખતની જેમ આ વખતે પણ એમે એ લીટી થોડાં ફેરફાર સાથે લખી હતી. ‘મને દુનિયામાં ઘણાં લોકો મળ્યાં, પણ તમે સૌથી સારાં છો!’

‘મારાં લગ્ન છે, પણ તમારી ગેરહાજરીમાં લગ્ન કરવાનો વિચાર હું સ્વપ્નમાં પણ કરી શકતો નથી.’ કવરની અંદર આવવા જવાની વિમાનની ટિકીટ હતી અને ટેક્સી માટેના રૂપિયાનો ડીડી.

પાર્વતીબેન પાસે હવે પેલો પરફ્યુમ તો બચ્યો નહોતો, પણ પેલી બંગડીઓ હજુ સાચવેલી હતી. બહેનથી રહેવાયું નહીં અને એ લગ્નમાં ગયાં. ત્યાં જ અપિચિત હતા. એટલે તેઓ ખુરશીની છેલ્લી લાઈનમાં શાંતિથી જઈને બેઠાં અને લગ્ન પ્રસંગ જોતાં રહ્યાં છે. ત્યાં એમને કોઈ શોધતું હતું, અને એ વ્યક્તિએ એમને ઓળખીને પ્રથમ લાઈનમાં લઈ ગયા.

ત્યાં એક ખુરશી પણ ચીઠ્ઠી હતી ‘મા’.

એમને જોતાં જ દર્શને લગ્ન વિધિ અટકાવી, એમની પાસે પહોંચ્યો, એમને સન્માનપૂર્વક એ ખુરશીમાં બેસાડ્યાં. એમનાં ચરણ સ્પર્શ કર્યા.

‘તમે મારા મા કરતાં જરા પણ કમ નથી. આજે હું જે કાંઈ પણ છું, માત્ર તમારા લીધે જ.’ એમને સજળ નેત્રે કશું જ બોલતાં માત્ર એના માથા પરથી હાથ ફેરવતા રહ્યા અને મૂક આશીર્વાદ આપ્યા.

લગ્નવિધિ સંપન્ન થઈ, બંને પતિ-પત્નીએ ફરી એમનાં ચરણસ્પર્શ કર્યા. એણે એની પત્નીને કહ્યું, ‘જો આ ન હોત તો હું આ જગ્યાએ પહોંચી જ ના શક્યો હોત.’

પાર્વતી બહેને જવાબ આપ્યો, ‘અને આ વર્ગમાં ન હોત તો મને પણ કયારેય ખબર ન પડત કે શિક્ષકે પહેલા પ્રત્યેક વિદ્યાર્થીની મા બનવું જરુરી છે, પછી શિક્ષક!’ લગ્ન મંડપમાં આખો માહોલ ભાવવાહી બન્યો હતો.

ચૂંટલો : આપણા સમાજમાં ભગવાન પછી શિક્ષક - ગુરુ પૂજાય છે. શિક્ષક એટલે મા, મિત્ર, માર્ગદર્શક, માસ્તર એમ ઘણુંબધું છે. શિક્ષકદિને ગુરુજીને વંદન સાથે એટલી અપેક્ષા જરુરથી હોય કે અમને સમજી લો, સમજાવી દો, અમસ્તું જ થોડું કહેવાયું છે કે ‘બીજા વંદન ગુરુજી તમને...’